જિલ્લા ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર

કલેક્ટર કચેરી, સેક્ટર-૧૧ ગાંધીનગર

ફોનનં. ૨૩૨ ૫૬૭૨૦, ૨૩૨ ૫૬૬૩૯ ફેક્સનં.- ૨૩૨ ૪૫૮૭૮


નં.ડિઝા/ઈઆરસી/કોરોના/જાહેરનામું/વશી. ૧૪૭૫ /૨૦૨૧ તા.૦૫/૦૫/૨૦૨૧

## -:: ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ગુજરાત એપેડેમીક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ હેઠળનું જાહેરનામું ::-

**વંચાણે લીધા:-**

(૧) અગ્રસચિવશ્રી,આરોગ્ય અને પ.ક.વિભાગ, ગુજરાત સરકાર,ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: No.GP/9/NCV/102020/SF-1/G તા.૧૩/૦૩/૨૦૨૦.

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક નં.ડિઝા/ઈઆરસી/કોરોના/જાહેરનામું/વશી.૧૩૪૮/૨૦૨૧ તા.૨૭/૦૪/૨૦૨૧

(૩) સચિવશ્રી, ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A, તા.૦૪.૦૫.૨૦૨૧

(૪) સચિવશ્રી, ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B, તા.૦૪.૦૫.૨૦૨૧

(૫) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪.

(૬) ગુજરાત એપેડેમીક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦.

(૭) ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫.

(૮) એપેડેમિક ડિસિઝ એક્ટ-૧૮૯૭.

## જાહેરનામું ::-

સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act, 2005થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/૦૩/૨૦૨૦ના હુકમ ક્ર.૪૦-૩/૨૦૨૦-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૨૫.૦૩.૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. તેમજ વિવિધ માર્ગદર્શિકા તથા કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩.૦૩.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રાલય તથા ગુજરાત સરકારના વખતોવખતના હુકમથી કન્ટેનમેન્ટ ઝોનમાં આ લોકડાઉનની અવધિ તા.૩૧.૦૩.૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં કેટલીક પ્રવૃત્તિઓ તબક્કાવાર શરૂ કરવામાં આવેલ.

સમગ્ર ભારત દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતાં ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૩/૦૩/૨૦૨૧ના હુકમ અનુસાર Guideline for effective control of COVID-19 તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી બહાર પાડવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા વખતોવખત જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં કોરોના સંક્રમણને અટકાવવા તા.૨૮/૦૪/૨૦૨૧ થી તા.૦૫/૦૫/૨૦૨૧ સુધી દરરોજ રાત્રીના ૦૮.૦૦ કલાકથી સવારના ૬.૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુ તથા કેટલાંક નિયંત્રણો અમલમાં રાખવાનું જણાવતાં આમુખ-૨ની વિગતે તે અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

District Magistrate Gandhinagar
सत्यमेव जयते
Gandhinagar District

આમુખ-૩ની વિગતે રાજય સરકાર દ્વારા ગાંધીનગર શહેરમાં તા.૦૬.૦૫.૨૦૨૧ થી તા.૧૨.૦૫.૨૦૨૧ સુધી રાત્રિના કલાક ૨૦.૦૦ થી સવારે ૦૬.૦૦ સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં મુકવામાં આવેલ છે. આ સમયગાળા દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓ ચાલુ રહેશે. આ ઉપરાંત નીચેની બાબતો પણ અમલમાં રહેશે.

(૧) બિમાર વ્યક્તિ, સગર્ભાઓ, અશકત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવરની છૂટ રહેશે.

(૨) મુસાફરોને રેલ્વે, એરપોર્ટ, ST કે સીટી બસની ટીકીટ રજૂ કર્યેથી તેઓને અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૩) રાત્રી કર્ફ્યુના સમયગાળા દરમ્યાન લગ્ન યોજી શકાશે નહી.

(૪) આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરિકો/ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓએ અવરજવર દરમ્યાન માંગણી કર્યેથી જરૂરી ઓળખપત્ર રજૂ કરવાના રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર, ડૉકટરનું પ્રીસ્ક્રીપ્શન, સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજુ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

(૭) તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## નિયંત્રણો

કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાને લેતા તા.૦૬.૦૫.૨૦૨૧ના ૦૦.૦૦ કલાકથી તા.૧૨.૦૫.૨૦૨૧ના ૦૬.૦૦ કલાક સુધીના સમગ્ર સમયગાળા દરમ્યાન ગાંધીનગર શહેરમાં નીચે મુજબના નિયંત્રણો મુકવાનું રાજય સરકારે નક્કી કરેલ છે.

A. આ સમયગાળા દરમિયાન તમામ આર્થિક/વ્યાપારીક પ્રવૃતિઓ જેવી કે દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, રેસ્ટોરન્ટસ (Take away Service સિવાય), તમામ લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેકસ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ, શૈક્ષણિક સંસ્થા અને કોચિંગ સેન્ટરો (ઓનલાઈન શિક્ષણ સિવાય), સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ,એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બાગ-બગીચા, મનોરંજક સ્થળો, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વિમીંગ પુલ ઉપરાંત તમામ પ્રકારના Malls તથા Commercial Complexes બંધ રહેશે.

B. તમામ માર્કેટીંગ યાર્ડ તથા તમામ માર્કેટ બંધ રહેશે. APMCમાં શાકભાજી તથા ફળફળાદીનું ખરીદ વેચાણ ચાલુ રહેશે. જે દરમિયાન કોવિડ-૧૯ સંબંધીત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

C. આ સમયગાળા દરમિયાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૫૦(પચાસ) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઈ યથાવત રહે છે.

D. અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૨૦(વીસ) વ્યક્તિઓની મંજુરી રહેશે.

E. સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક, Finance Tech સંબંધિત સેવાઓ, કેશ ટ્રાન્ઝેકશન સેવાઓ, બેંકોનું કલીયરીંગ હાઉસ, એ.ટી.એમ/ સી.ડી.એમ. રીપેર્સ, સ્ટોક એકસચેન્જ, સ્ટોક બ્રોકરો, ઈન્સ્યોરન્સ કંપનીઓ તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીશ્રીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ પડશે નહી.

F. તમામ પ્રકારના રાજકીય/સામાજીક/ધાર્મિક/સાંસ્કૃતિક/શૈક્ષણિક/કાર્યક્રમો/મેળાવડાઓ સદંતર બંધ રહેશે.

G. પ્રેક્ષકોની ઉપસ્થિતી વગર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ/ સ્પોર્ટસ સ્ટેડીયમ/ સંકુલમાં પ્રેક્ષકો વગર રમતગમત ચાલુ રાખી શકાશે.

H. તમામ ધાર્મિકસ્થાનો જાહેરજનતા માટે બંધ રહેશે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધી ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીશ્રીઓ દ્વારા જ કરવાની રહેશે.

I. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ મહત્તમ ૫૦% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

District Magistrate Gandhinagar
सत्यमेव जयते
Gandhinagar District

- આ સમયગાળા દરમિયાન નીચે મુજબની આવશ્યક સેવા / પ્રવૃતિઓ જ ચાલુ રહેશે.

1. કોવિડ-૧૯ની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ સેવા તેમજ આવશ્યક/ તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ સેવાઓ ચાલુ રહેશે.
2. મેડીકલ, પેરામેડીકલ તથા તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ.
3. ઓક્સિજનના ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા.
4. ડેરી, દૂધ-શાકભાજી, ફળ-ફળાદી ઉત્પાદન, વિતરણ અને વેચાણ તથા તેની હોમ ડીલીવરી સેવા.
5. શાકભાજી માર્કેટ તથા ફ્રુટ માર્કેટ ચાલુ રહેશે.
6. કરિયાણું, બેકરી, બધા પ્રકારની ખાદ્ય સામગ્રીનું વેચાણ અને તે વહેંચવા માટેની ઓનલાઈન તમામ સેવાઓ.
7. અનાજ તથા મસાલા દળવાની ઘંટી.
8. ઘરગથ્થુ ટીફીન સર્વિસીસ અને હોટલ / રેસ્ટોરન્ટમાંથી Take away facility આપતી સેવાઓ.
9. ઈન્ટરનેટ/ટેલિફોન/મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર/આઈ.ટી. અને આઈ.ટી. સંબંધિત સેવાઓ.
10. પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયા, ન્યુઝ પેપર ડીસ્ટ્રીબ્યુશન.
11. પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી./પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડીંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન, ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ
12. પોસ્ટ અને કુરીયર સર્વિસ.
13. ખાનગી સિક્યુરીટી સેવા.
14. પશુ આહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબંધિત સેવાઓ.
15. કૃષિ કામગીરી, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા.
16. ઉક્ત તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ.
17. આંતરરાજ્ય, આંતરજિલ્લા અને આંતરશહેરની ટ્રાન્સપોર્ટ સેવાઓ તથા તેને સંલગ્ન ઈ-કોમર્સ સેવાઓ.
18. તમામ પ્રકારના ઉત્પાદન / ઔદ્યોગિક એકમો અને તેને રો મટીરીયલ પૂરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વાહનવ્યવસ્થા ચાલુ રહેશે. જે દરમિયાન કોવિડ-૧૯ સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. બાંધકામને લગતી પ્રવૃતિઓ ચાલુ રહેશે જે દરમિયાન કોવિડ-૧૯ સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- આ સમયગાળા દરમિયાન એ.ટી.એમ.માં નાણાંનો પુરવઠો સતત જળવાઈ રહે તે અંગે બેંક મેનેજમેન્ટે કાળજી લેવાની રહેશે.
- તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આમુખ-૪ની વિગતે રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણને અટકાવવા બાબતે કેટલાક નિયંત્રણો મુકવામાં આવતાં ગાંધીનગર જિલ્લામાં પણ તા.૦૬.૦૫.૨૦૨૧ના ૦૦.૦૦ કલાકથી તા.૧૨.૦૫.૨૦૨૧ના ૦૬.૦૦ કલાક સુધી નીચે મુજબના નિયંત્રણો અમલમાં મુકવાનાં થાય છે. જેની વિગતો નીચે મુજબ છે.

A. આ સમયગાળા દરમિયાન તમામ શૈક્ષણિક સંસ્થા અને કોચિંગ સેન્ટરો (ઓનલાઈન શિક્ષણ સિવાય), સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ,એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બાગ-બગીચા, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વિમીંગ પુલ અને અન્ય મનોરંજક સ્થળો બંધ રહેશે.

District Magistrate Gandhinagar
સત્યમેવ જયતે
Gandhinagar District

B. APMCમાં ફક્ત શાકભાજી તથા ફળફળાદીનું જ ખરીદ વેચાણ થઈ શકશે. તે દરમિયાન કોવિડ-૧૯ સંબંધીત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

C. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૫૦(પચાસ) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઈ યથાવત રહે છે.

D. અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૨૦(વીસ) વ્યક્તિઓની મંજુરી રહેશે.

E. સમગ્ર રાજયમાં સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક, Finance Tech સંબંધિત સેવાઓ, કેશ ટ્રાન્ઝેકશન સેવાઓ, બેંકોનું કલીયરીંગ હાઉસ, એ.ટી.એમ/ સી.ડી.એમ. રીપેરર્સ, સ્ટોક એકસચેન્જ, સ્ટોક બ્રોકરો, ઈન્સ્યોરન્સ કંપનીઓ તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીશ્રીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ પડશે નહી.

F. સમગ્ર રાજયમાં તમામ પ્રકારના રાજકીય/સામાજીક/ધાર્મિક/સાંસ્કૃતિક/શૈક્ષણિક/કાર્યક્રમો/મેળાવડાઓ સદંતર બંધ રહેશે.

G. રાજયમાં પ્રેક્ષકોની ઉપસ્થિતી વગર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ/ સ્પોર્ટસ સ્ટેડીયમ/ સંકુલમાં પ્રેક્ષકો વગર રમતગમત ચાલુ રાખી શકાશે.

H. રાજયના તમામ ધાર્મિકસ્થાનો જાહેરજનતા માટે બંધ રહેશે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધી ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીશ્રીઓ દ્વારા જ કરવાની રહેશે.

I. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ મહત્તમ ૫૦% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

- અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતાં મુસાફરોને RTPCR Test સંબંધમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ લાગુ રહેશે.
- તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉક્ત માર્ગદર્શિકા ઉપરાંત નિયત પ્રવૃત્તિઓ માટે કેન્દ્રીય મંત્રાલયો/વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOPનું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**-:: અમલવારીનો સમય ::-**

આ હુકમની અમલવારી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં **તા.૦૬/૦૫/૨૦૨૧ના ૦૦:૦૦ કલાક થી તા.૧૨/૦૫/૨૦૨૧ના ૦૬:૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત)** કરવાની રહેશે.

**-:: અપવાદ ::-**

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઇમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે નહી.

District Magistrate Gandhinagar * Gandhinagar District * सत्यमेव जयते

**-:: શિક્ષા ::-**

આ જાહેરનામાના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act ૧૮૯૭ અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઈઓ, ઇન્ડીયન પીનલ કોડની

કલમ ૧૮૮ તથા The Disaster Management Actની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

-:જાહેર વિજ્ઞપ્તિ:-

હું આદેશ આપુ છું કે આ હુકમની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવીઝન, કેબલ ટીવી નેટવર્ક તથા જાહેર જગ્યાએ તેની નકલો ચોંટાડી રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તારીખ:-૦૫/૦૫/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ કરેલ છે.

(ડૉ.કુલદીપ આર્ય)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
ગાંધીનગર

પ્રતિ,

૧. પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર

૨/- આ હુકમની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલ ચોંટાડી બહોળા પ્રમાણમાં પ્રસિધ્ધિ કરવા અને તેમ કર્યાના પંચનામા આપના રેકર્ડ પર રાખવા તેમજ આપશ્રીના તાબા હેઠળના તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને જાહેરનામાની સંપૂર્ણ વિગતોથી સુમાહિતગાર કરી જરૂરી માર્ગદર્શન આપી જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરાવવા સારું.

૨. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, ગાંધીનગર તરફ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અને તેની ૧૦ નકલ અત્રે મોકલી આપવા સારૂ.

૩. ડીસ્ટ્રીકટ ઈન્ફરમેટીક્સ ઓફીસરશ્રી, એન.આઈ.સી., કલેકટર કચેરી, ગાંધીનગર

૨/- કલેકટરશ્રી, ગાંધીનગરની વેબસાઈટ પર મૂકવા સારૂ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:-</u>

- માન.અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
- માન.અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
- માન. અધિક મુખ્ય સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, ગાંધીનગર તરફ.
- માન.અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
- માન.કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, જુના સચિવાલય, ગાંધીનગર તરફ.
- માન.પોલીસ મહા નિર્દેશકશ્રી, ગાંધીનગર તરફ.
- અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગાંધીનગર તરફ.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર રેન્જ, ગાંધીનગર તરફ
- નિયામકશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર તરફ.

<u>નકલ જય ભારત સહ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ : -</u>

- પ્રિન્સિપલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, સેશન્સ કોર્ટ, ગાંધીનગર તરફ
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફ.
- કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ તરફ
- કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા તરફ

District Magistrate Gandhinagar
Gandhinagar District

➢ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર તરફ

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે: -

➢ મે.પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડી.ફ.ક.મેજી.શ્રી, કલોલ, માણસા તથા ગાંધીનગર તરફ

➢ નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર તરફ

➢ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર, કલોલ, તરફ

➢ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર તરફ

➢ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ગાંધીનગર .

૨/-આ જાહેરનામાની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા તથા સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારોમાં રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિભાગની ગાઇડલાઇન/SOP અનુસાર આરોગ્ય વિષયક જરૂરી કાર્યવાહી અને સંકલન કરવા લાયઝન અધિકારી તરીકે આપશ્રીને નિયુક્ત કરવામાં આવે છે. સબબ, જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા સારૂ.

➢ કાર્યપાલક ઈજનેરશ્રી, પા.યો.વિ.નં.૧,૩, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ/પંચાયત), ગાંધીનગર તરફ

➢ નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર વન વિભાગ, ગાંધીનગર તરફ

➢ મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયામક તંત્ર, ગાંધીનગર તરફ

➢ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, ગાંધીનગર તરફ (અમદાવાદ છે)

➢ ડેપો મેનેજરશ્રી, એસ.ટી.ડેપો, ગાંધીનગર તરફ

➢ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, તમામ તરફ અમલ કરવા સારૂ.

➢ તાલુકા વિકાસ અધિકારીશ્રી, (તમામ) તરફ અમલ કરવા સારૂ.

➢ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, ગાંધીનગર તરફ

➢ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી / પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી તમામ તરફ.(પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર મારફત)

૨/-પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખી હુકમની અમલવારી કરવા સારૂ.

➢ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, સી.આઇ.ડી.(આઇ.બી.) ગાંધીનગર તરફ

➢ જિલ્લા સરકારી વકીલશ્રી, ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગર તરફ

➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગર તરફ

➢ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગર તરફ

➢ એ.પી.પી.શ્રી, (તમામ) તરફ

➢ નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, ગાંધીનગર તરફ.

૨/- ગાંધીનગર જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં આઈટમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા તથા આકાશવાણી, દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરાવી તે અંગેનો અહેવાલ મોકલી આપવા સારૂ

➢ શાખાધ્યક્ષશ્રી, રજીસ્ટ્રી શાખા, કલેકટર કચેરી, ગાંધીનગર તરફ.

૨/- ઉક્ત જાહેરનામાંના ગેઝેટની નકલ મળ્યેથી તાત્કાલિક માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના ધ્યાને મુકી અત્રેની કચેરીની ફોજદારી શાખામાં મોકલી આપવા સારૂં...

➢ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ અર્થે.

➢ આ કચેરીની રેકર્ડ શાખા તરફ ગેઝેટ મેળવી આ જાહેરનામાની પાછળ રાખી કાયમી રેકર્ડ તરીકે રાખવા અર્થે.

➢ શાખા સિલિકટ ફાઈલે .

District Magistrate Gandhinagar
Gandhinagar District